**પૂર્વ પ્રાથમિક શિક્ષણ** આંગણવાડીઓમાં આવતાં ૩ થી ૬ વર્ષની વયજૂથનાં બાળકોને આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વ શાળાકિય શિક્ષણ પણ પૂરૂં પાડવામાં આવે છે. આંગણવાડી કાર્યકર બાળકોને અભિનયગીત, વાર્તા, રમત-ગમત જેવા માધ્યમોથી પૂર્વ શાળાકિય શિક્ષણ આપે છે. રમકડાં અને વિવિધ ચાર્ટ જેવા સાધનોની મદદથી બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.

**પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ** ભવિષ્યમાં જન્મ લેનાર બાળક તંદુરસ્ત અને સ્વસ્થ જન્મે અને રહે તે માટે આંગણવાડી કાર્યકર દ્વારા કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ આપવામાં આવે છે. આરોગ્ય વિભાગનાં સહયોગથી આંગણવાડી કાર્યકર બહેનોને પૂરક પોષણનાં ફાયદા, સ્વચ્છતા અને આરોગ્યપ્રદ આદતોનાં ફાયદાઓ જેવી બાબતો વિશે માહિતગાર કરે છે.

**રેફરલ સેવાઓ** આરોગ્ય તપાસ દરમ્યાન જો કોઈ બાળક કે સગર્ભાને તાત્કાલિક તબીબી સારવાર કે સલાહની જરૂર જણાય તો આંગણવાડી કાર્યકર તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જાય છે અને તેને વધુ સારવાર અને સલાહ આપવામાં આવે છે. જો કોઈ બાળક વધુ પડતું બિમાર કે કુપોષિત જણાય તેવા કિસ્સાઓમાં પણ આંગણવાડી કાર્યકર તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈને તેને વધુ સારવાર અપાવે છે.

**મમતાં અભિયાન** આરોગ્ય અને પોષણની સેવાઓ સમગ્ર લોકો સુધી પહોંચે, તેનો ઉપયોગ થાય તે માટે મમતાં અભિયાન દરેક ગામમાં કરવામાં આવે છે. આરોગ્ય વિભાગ અને આંગણવાડી વિભાગનાં સંકલનરૂપે સેવા પૂરી પાડવામાં આવે છે.

**આંગણવાડી સક્રિય કરીએ**
**કુપોષણને નાબૂદ કરીએ**

## મમતા અભિયાન

**મમતા મુલાકાત**
સગર્ભા-ધાત્રીની ઘરમુલાકાત

**મમતા દિવસ**
ગામ આરોગ્ય અને પોષણ દિવસ

**મમતા સંદર્ભ**
રેફરલ સર્વિસીઝ આરોગ્ય તપાસ માટે તજજ્ઞ પાસે મોકલવા

**મમતા નોંધ**
બાળ સ્વાસ્થ્ય અને વિકાસનો રેકોર્ડ અને રિપોર્ટ

### ધ્યાન રાખો / કુટુંબ અને સમાજની જવાબદારી

- ગામની દરેક સગર્ભા માતા આંગણવાડીમાં નોંધાયેલ હોવી જોઈએ.
- ગામનો ૬ વર્ષ સુધીના ઉંમરનુ બાળક આંગણવાડીમાં નોંધાયેલ હોવા જોઈએ.
- ગામના દરેક સગર્ભા માતા કે બાળકના નામે મમતા કાર્ડ હોવું જોઈએ અને નિયમીત ભરાવું જોઈએ કારણ કે તે બાળ સ્વાસ્થ્ય અને વિકાસનો રેકોર્ડ અને રિપોર્ટ છે.
- આંગણવાડી નિયમીત ખુલવી જોલએ અને તેમાં નિયમીત અને પુરો સમય જવા જોઈએ.
- આંગણવાડીમાં નિયમીત અને સમયસર પૂરતો પોષ્ટીક આહાર દરેક બાળકને મળવો જોઈએ.
- આંગણવાડીના માધ્યમ દ્વારા બાળકો, કિશોરીઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતાનુ નિયમીત અરોગ્ય તપાસ અને રસીકરણ થવું જોઈએ.
- ગામમાં મમતા દિવસ નિયમીત થાય, બધા બાળકો, કિશોરીઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતા હાજર રહે અને ગુણવત્તાયુક્ત આરોગ્ય તપાસ અને રસીકરણ થવું જોઈએ.

**જો હોય નિયમિત પૂરક પોષણ,**
**જો થાય સમયસર રસીકરણ,**
**તો મળશે બાળ સ્વાસ્થ્યને રક્ષણ,**
**નહીં થાય કુપોષણથી બાળભક્ષણ.**

ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુસર વિકલ્પ અમદાવાદ દ્વારા તૈયાર

# બાળ અધિકાર થશે સાકાર
# આંગણવાડીનો છે સહકાર
## સ્વસ્થ જીવન ને વિકાસનો અધિકાર
## નહીં રહે કોઈ બાળક નિરાધાર

**સંકલિત બાળ વિકાસ યોજના**

SU-poshan
NUTRITION FOR THE MOST MARGINALISED

**ટકાઉ રોજગારીની જોગવાઈઓ માટે સામાજિક અભિયાન**
**"સુ-પોષણ" સૌનો અધિકાર**

**વિકલ્પ**
એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર
રેલ્વે સ્ટેશનની પાસે, વેજલપુર,
અમદાવાદ - ૩૮૦૦૫૧.
e-mail: vikalpahd@gmail.com
website : www.vikalp.org
વિકલ્પ VIKALP
**જીલ્લા એકમ : "વિકલ્પ" વઘઈ સરકારી સો-મીલ સામે, પોલીસ સ્ટેશનની પાસે, વઘઈ, ડાંગ.**

igsss
**ઇન્ડો ગ્લોબલ સોશ્યલ સર્વિસ સોસાયટી, નવી દિલ્હી.**

**આંગણવાડી** એટલે બાળકોને ઘરઆંગણે શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ મળી રહે તેવું સ્થળ. આપણા દેશ અને રાજ્યમાં અને તેમાંય ખાસ કરીને આદિવાસી પછાત વિસ્તારોમાં બાળકોમાં કુપોષણનો દર ઘણો જ ઉંચો છે. તેવી જ રીતે સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓમાં કુપોષણનો દર પણ એટલો જ ઉંચો છે. જેના કારણે તેઓ તંદુરસ્ત બાળકને જન્મ આપવા માટે, જન્મ્યા પછી તેને તંદુરસ્ત રાખવામાં મોટેભાગે સક્ષમ નથી. તે જ પ્રમાણે આપણા દેશમાં બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદર પણ ઘણો જ ઉંચો છે. આમ, બાળ કો, કિશોરીઓ, સગર્ભાઓ તથા ધાત્રી માતાઓમાં કુપોષણનો દર તથા બાળ મૃત્યુદર અનો માતા મૃત્યુદર દર નીચે લાવવા માટે આંગણવાડી ઉત્તમ માધ્યમ તરીકે ઘરઆંગણાની સેવા તરીકે અમલમાં છે.

આંગણવાડી (સંકલિત બાળ વિકાસ યોજના) એ સરકાર દ્વારા ગર્ભસ્થ શિશુથી લઈને ૬ વર્ષ સુધીની ઉંમરનાં બાળકોનાં શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસને ધ્યાનમાં રાખીને શરૂ કરાયેલી યોજના છે. મનુષ્યની બુદ્ધિ વર્ધનનો મહત્તમ સમયગાળો જન્મથી ૬ વર્ષ સુધીનો જ હોય છે અને એટલે જ આંગણવાડીમાં ગર્ભસ્થ શિશુથી લઈને ૬ વર્ષ સુધીના બાળકોના જીવન જીવવાના અને વિકાસના અધિકારને મહત્વ આપવામાં આવ્યું છે. સગર્ભા માતાઓને આંગણવાડીનાં માધ્યમ દ્વારા પૌષ્ટિક આહાર, આયર્નની ગોળીઓ તથા અન્ય સુવિધાઓ પુરી પાડવામાં આવે છે, જેનો સીધો લાભ જે તે માતાનાં ઉદરમાં ઉછરી રહેલ બાળકને પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે આ પ્રકારનો લાભ ધાત્રી માતાઓને પણ આપવામાં આવે છે, જેનો સીધો લાભ બાળકને માતાના ધાવણરૂપે મળે છે. આજ પ્રમાણે આંગણવાડીનાં માધ્યમ દ્વારા કિશોરીઓ પૌષ્ટિક આહાર અને લગ્ન તેમજ બાળ ઉછેર વિશે જરૂરી માર્ગદર્શન મેળવે છે જેથી સગીર યુવતી મા બનવાની પુખ્ત ઉંમરે એક તંદુરસ્ત બાળકને જન્મ આપવા સક્ષમ બને છે. આવી જ રીતે બાળકનાં જન્મ પછી ઓછામાં ઓછી ૧ વર્ષની ઉંમરથી લઈ વધુમાં વધુ ૬ વર્ષનાં બાળકને આંગણવાડીનાં માધ્યમ દ્વારા સીધી રીતે પૌષ્ટિક આહાર તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન મેળવી શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ માટે પ્રવૃત્ત કરવામાં આવે છે.

આમ, આંગણવાડી એટલે બાળકોને ઘરઆંગણે શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસનો પાયો નાંખતી બાળકોની પોતાની સંસ્થા. આથી બાળકો પાસે તેમનાં ઘરઆંગણે એટલે કે તેમનાં ફળિયામાં આંગણવાડી જેવી સંસ્થા ના હોય તો તે ફળિયાનાં તે ગામનાં બાળકો શારીરિક, માનસિક તેમજ બૌદ્ધિક વિકાસથી વંચિત રહી જાય છે. પરિણામે તે બાળકો મોટા થયા પછી પ્રાથમિક શિક્ષણથી લઈ જીવનનાં બધા જ ક્ષેત્રોમાં પાછળ રહી જાય છે. આપણે સહુ જાણીએ છીએ તેમ આજનું બાળક આપણા દેશનો આવતીકાલનો નાગરિક તેમજ દેશનું ભવિષ્ય છે અને જો આ દેશનાં ભવિષ્યનો પાયો નબળો રહી જાય તો દેશ પણ નબળો પડવા માંડે છે. આથી આ પાયો મજબુત અને સુદ્રઢ બને તે જોવાની જવાબદારી સામુહિક રીતે સમાજની, સરકારની અને સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારીઓની છે.

## સંકલિત બાળ વિકાસ યોજનાના હેતુઓ

● ગર્ભસ્થ શિશુથી લઈને ૬ વર્ષની વયજૂથના બાળકોનાં સ્વાસ્થ્ય અને પોષણનાં સ્તરમાં સુધારો કરવો. ● બાળકનો યોગ્ય શારિરિક, માનસિક અને સામાજિક વિકાસ થાય તેનો પાયો નાંખવો. ● બાળ અને માતા મૃત્યુદર, કુપોષણ, બિમારી તથા શાળા છોડવાનાં દર (ડ્રોપઆઉટ રેશિયો) માં ઘટાડો કરવો. ● બાળકોનાં વિકાસને પ્રોત્સાહન માટે વિવિધ સંબંધિત વિભાગો વચ્ચે નીતિઓનું અસરકારક સંકલન અને અમલીકરણ કરવું. ● પોષણ અને આરોગ્ય વિષયક યોગ્ય શિક્ષણ દ્વારા બાળકનાં સામાન્ય આરોગ્ય અને પોષણ સંબંધી જરૂરિયાતો વિશે માતાની ક્ષમતામાં વધારો કરવો.

## સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ સેવાઓ

**પૂરક પોષણ** આંગણવાડીમાં બાળકો, કિશોરીઓ તેમજ સગર્ભા અને ધાત્રી માતાને પર્યાપ્ત પૂરક પોષણ આપવામાં આવે છે. નિયમીત અને સતત પૂરક પોષ્ટીક આહાર બાળકને કુપોષણથી બચાવે છે, સ્વસ્થ અને તંદુરસ્ત રાખે છે.

**રસીકરણ** આંગણવાડીમાં બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાના સારા સ્વાસ્થ્ય અને આરોગ્ય માટે રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સહયોગથી સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ બાળકો અને સગર્ભા માતાનાં રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે.બાળ મૃત્યુદર તથા માતાઓનાં મૃત્યુદરને ઘટાડવા માટે સગર્ભા માતાઓ તથા બાળકોનું રસીકરણ થાય તે અતિ જરૂરી છે. આરોગ્ય વિભાગનાં પ્રશિક્ષિત કર્મચારીગણ દ્વારા સગર્ભા માતાઓ તથા બાળકોને બાળલકવા, ડિફ્થેરિયા, ધનુર અને ઓરી જેવા જીવલેણ રોગો સામે રક્ષણ મળે તે માટે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**આરોગ્ય તપાસ** બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓનાં સારા આરોગ્ય માટે આંગણવાડી કાર્યકર તથા આરોગ્ય વિભાગનાં કર્મચારીઓ દ્વારા બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓનાં આરોગ્યની નિયમિત તપાસ હાથ ધરવામાં આવે છે. આંગણવાડી કાર્યકર દ્વારા બાળકોનું નિયમિત વજન કરવામાં આવે છે અને બાળકની વૃદ્ધિની દેખરેખ રાખવામાં આવે છે. આંગણવાડી કાર્યકર દ્વારા દરેક બાળકનાં વૃદ્ધિ આલેખની નિયમિત જાળવણી પણ કરવામાં આવે છે અને વૃધ્ધિ આલેખના આધારે નબળા બાળકોના વિકાસ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે છે.

**આંગણવાડી હશે દુરસ્ત**
**બાળક રહેશે તંદુરસ્ત**